ફોજદારી કેસ નંબર 75659-20

આક ૧ લગત હુકમ.

ઠ રા વ

આ કામના આરોપીઓ વિરૂદ્ધ જુગારધારાની કલમ ૧૨ મુજબના ગુનાનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે જે કામે આરોપી નં.૩ પિયુષ વિનોદભાઈ પરમાર સિવાયના આરોપીઓ નામદાર કોર્ટમાં હાજર થયેલા છે અને હાજર થઈ આરોપીએ સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે અને આરોપી દ્વારા જણાવવામા આવેલ છે કે હવે આવી ભુલ નહી થાય, અને ભુલથી આ બનાવ બનેલ છે જે અન્વયે રહેમ નજર કરવા અરજ કરેલ છે.

આરોપી દ્વારા સદર કબુલાત સ્વૈચ્છીક કરવામા આવેલ છે તેમ જણાય આવેલ છે અને આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા હાલના તબક્કે આરોપીને એક વખત સુધરવાની તક આપવી ન્યોયોચીત જણાય આવે છે, જે અન્વયે સદર કામે આરોપી તર્ફે કરવામાં આવેલ કબુલાત ધ્યાને લેતા તેમજ સદર આરોપી સામેના ગુનાનો પ્રકાર ધ્યાને લેતા તેમજ આરોપી નં.૧. નજીકના ભવિષ્યમાં મળી નહી આવે તેવી શક્યતાઓ ધ્યાને લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

– હુકમ –

૧. આ કામના આરોપી નં.૧ ગોપાલ કાનજીભાઈ સોલંકી, નં.૨. જીતેન્દ્ર કમલેશભાઈ રાઠોડ, નં.૪.સુરેશ અમરસિંહ વાઘેલા. નં.૫.મનસુખભાઈ કાળુભાઈ વઘેરાનાઓને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૫૨ અન્વયે જુગાર ધારાની કલમ–૧૨ ના ગુનામાં દોષિત ઠરાવી, દરેક આરોપીને રૂા.**૨૦૦/–**અંકે રૂપીયા **બસો** નો દંડ, તથા મજકુર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે. જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

વધુમાં આરોપી નં.૩. પિયુષ વિનોદભાઈ પરમાર નાઓ મળી આવતા ન હોય તેમજ તેઓની સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજદારી કાર્યરીતી અધિનીયમ કલમ–૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહી.વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈઝ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે તે હકીકત ધ્યાને લઈ ફોજદારી કાર્યરીતી અધિનીયમની કલમ–૨૫૮ હેઠળ આરોપી નં.૩. ની પ્રોસીડીંગ બંધ કરવામાં આવે છે.

૨. બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.જ્યારે અન્ય મુદ્દામાલ બાબતે જો કોઈ વચગાળાની કસ્ટડીનો હુકમ કરવામાં આવેલ હોય તો તે આથી કાયમ કરવામા આવે છે.જ્યારે મુદ્દામાલ ચલણી નાણાં સરકારશ્રી ખાતે જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે.

**આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

મુકામઃઅમદાવાદ.

તા.૧૩/૦૮/૨૦૨૨.

(રીન્કુ રાજેશ દેસાઈ)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર–૦૯.
Unique Code No. GJO1089.